અંકલેશ્વર કોરોના હોટસ્પોટ બન્યું : એક દિવસમાં ૧૬ કેસ

સ્થાનિક આરોગ્ય વિભાગથી લઇ વહીવટી તંત્ર અને જિલ્લા સમાહર્તા કાર્યાલય પણ બેફિકર : કોરોનાના વધતા સંક્રમણ સામે લોકો પણ બેરદકાર

અંકલેશ્વર, તા. ૨૨

કોરોના વાયરસે ભરૂચ જિલ્લામાં એન્ટ્રી કર્યા બાદ જંબુસરમાં તહેલકો મચાવ્યા બાદ હવે અંક્લેશ્વરને ધમરોળી નવું હોટસ્પોટ બની રહ્યુ છે.

ભરૂચ જિલ્લાના છેલ્લા પાંચ દિવસના કોરોના સંક્રમીતોના આંકડા પર નજર કરીએ તો ભરૂચ જિલ્લામાં આવતા પોઝિટિવ કેસમાં લગભગ ૫૦ ટકાની હિસ્સેદારી અંકલેશ્વરની છે. આજે પણ આ લખાઇ રહ્યુ છે ત્યાં સુધી ભરૂચ જિલ્લામાં ૨૭ કોરોના સંક્રમીતો દર્દીઓ પૈકી અંકલેશ્વરના વિવિધ વિસ્તારોમાંથી ૧૬ કેસ મળી આવ્યા છે. જેમાં અંકલેશ્વર શહેરના દેસાઇ ફળિયા, સુરતી ભાગોળ, આંબાવાડી, શિવદર્શન સોસાયટી, ગંગા જમના સોસાયટી, શ્રીરામ નગર સોસાયટીનો સમાવેશ થાય છે. જ્યારે કે અંકલેશ્વર જીઆઇડીસીમાં કાપોદ્રા પાટિયા વિસ્તારમાં પણ કોરોના પોઝિટિવ દર્દી મળી આવ્યા છે. આ ઉપરાંત તાલુકાના સુરવાડી, જુના દીવા, નવા દીવા અને ભડકોદ્રા ગામે પણ કોરોના પોઝિટિવ દર્દીઓ મળી આવ્યા છે. જેને લઇને સમગ્ર શહેર, જીઆઇડીસી અને તાલુકા વિસ્તારમાં ફફડાટની લાગણી ફેલાઇ જવા પામી છે. પ્રજાની બેદરકારીની સામે જિલ્લાથી લઇ અંકલેશ્વર તાલુકા આરોગ્ય વિભાગ સહિતના વહીવટીતંત્ર તદન નિષ્ફળ અને નિષ્ક્રિય સાબિત થઇ રહ્યા છે.

હાલ અંકલેશ્વરમાં પ્રજામાં જાગૃતિ દેખાતી નથી. આ વાયરસની ગંભીર અસરોથી પ્રજા તો કદાચ મોઢું ફેરવી લે છે પરંતુ જેને માથે જવાબદારી છે એવા વહીવટીતંત્ર જિલ્લા કલેકટરાલય, જિલ્લા આરોગ્ય વિભાગ, અંકલેશ્વર તાલુકા આરોગ્ય વિભાગ કે પછી અંકલેશ્વર નાયબ કલેકટર કચેરી સહિત પોલીસ તંત્ર પણ આ બાબતે જાણે આંખ આડા કાન કરી રહ્યા હોય એવો માહોલ જોવા મળી રહ્યો છે. હોટ સ્પોટ બની ગયેલા અંકલેશ્વર શહેર, તાલુકા તેમજ જીઆઇડીસી વિસ્તારને જો સરકાર કે સરકારી બાબુઓ નહીં બચાવે તો કોણ બચાવશે એ એક યક્ષપ્રશ્ન છે.

આજ થી વિક્રમ સંવંત ના કેલેન્ડર પ્રમાણે ગુજરાત માં શ્રાવણ માસ એટલે તહેવારોની મોસમ ચાલુ થઇ ગઇ છે ત્યારે સ્વાભાવિક રીતે જ ખરીદી માટે લોકોની ભીડભાડ તમામ વિસ્તારમાં જોવા મળી રહી છે. ત્યારે સાંજે ચાર વાગ્યા સુધી દુકાનો ખુલ્લી રાખવાનો નિર્ણય પણ અત્યંત જોખમી હાલ તુરંત તો લાગી રહ્યો છે. જે રીતે અંકલેશ્વરમાં કોરોના પોઝિટિવ દર્દીઓ વધી રહ્યા છે એ જોતાં ભવિષ્યમાં કદાચ ઘરેથી બહાર નીકળવું પણ મુશ્કેલ બનશે એમ લાગી રહ્યું છે. ત્યારે હવે જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લાના કર્તાહર્તા એવા જિલ્લા સમાહર્તા જ આ બાબતે કડક અને ગંભીર નિર્ણય લે અને તમામ જવાબદાર તંત્રને આ અંગે સૂચના આપે એ ઇચ્છનીય છે.

૨૭ નવા કેસ : ૨૭ સાજા થયા!

ભરૂચ જિલ્લામાં કોરોના દિનપ્રતિદિન રફતાર પકડી રહ્યો છે. આજના આંકડાઓ પર નજર કરીએ તો જિલ્લામાં નવા ૨૭ કેસ સાથે આંકડો ૭૦૮ પર પહોંચ્યો છે. આજે ભરૂચ જિલ્લામાં મળી આવેલ કુલ કેસોમાં અંકલેશ્વરમાંથી ૧૬ કેસો મળી આવેલ છે. આ સમાચાર લખાઇ રહ્યા છે ત્યાં સુધીમાં ભરૂચ જિલ્લામાં કોરોના પોઝીટીવ ૨૭ કેસો આવેલ છે જેમાં ભરૂચ ૬, આમોદ ૨, અંકલેશ્વરમાં ૧૬, જંબુસર ૧, વાલિયા ૦, ઝઘડિયા ૧ અને વાગરા ના ૧ કેસ સાથે જિલ્લામાં કુલ સંખ્યા ૭૦૮ પર પહોંચી છે. આજે જિલ્લામાં કુલ ૨૭ લોકોને આજે હોસ્પિટલમાંથી સારવાર થતાં સાજા થઇ જતાં રજા આપવામાં આવી તેઓની સંખ્યા ૪૪૮ થઇ છે. આજે ૧ દર્દી મૃત્યુ પામતા આંક ૧૬ થયો છે. જિલ્લામાં કુલ ૭૦૮ લોકો સંક્રમિત થયા છે જેમાંથી ૨૪૪ જેટલા એકટિવ દર્દી જણાય રહ્યા છે.

જિલ્લામાં કોરોનાની રફતાર

ભરૂચ જિલ્લામાં કોરોના પોઝીટીવ કેસોની સંખ્યા એક માસ અને છ દિવસમાં ૧૦૦થી ૭૦૦ પર પહોંચી ગઇ છે.

૮ એપ્રિલ ૦૧ પોઝિટિવ કેસ
૧૬ જૂન ૧૦૦ પોઝિટિવ કેસ
૨૭ જૂન ૨૦૦ પોઝિટિવ કેસ
૫ જુલાઇ ૩૦૦ પોઝિટિવ કેસ
૯ જુલાઇ ૪૦૦ પોઝિટિવ કેસ
૧૪ જુલાઇ ૫૦૦ પોઝિટિવકેસ
૧૭ જુલાઇ ૬૦૦ પોઝિટિવ કેસ
૨૨ જુલાઇ ૭૦૦ પોઝિટિવ કેસ

(તસવીર : જ્યોતિ જગતાપ)

નર્મદા જિલ્લામાં જુલાઇ મહિનાના ૨૦ દિવસમાં જ માસ્ક વિના ફરતા ૩૪૬૧ વ્યક્તિઓને ૬.૯૨ લાખનો દંડ કરાયો હતો.

વાગરા રેફરલ હોસ્પિટલના પટાવાળાનો કોરોનોગ્રસ્ત થતા હોસ્પિટલ સંકુલમાં ફફડાટ

પટાવાળાને હોસ્પિટલમાં જ ઓબ્ઝર્વેશન હેઠળ કોરોન્ટાઇન કરાયો, હોસ્પિટલના કેટલા કર્મીઓને સંક્રમણ લાગ્યુ હશે તે બાબતે તપાસ જરૂરી

ધબકાર પ્રતિનિધિ, વાગરા, તા. ૨૨

વાગરા નગરમાં આવેલ સરકારી રેફરલ હોસ્પિટલમાં ફરજ બજાવતા પટાવાળાને કોરોના પોઝિટિવ આવતા મેડિકલ સ્ટાફમાં ચિંતાની સાથે ગભરાટનોનો માહોલ ફેલાઇ જવા પામ્યો છે. આરોગ્ય તંત્રએ સહાયક પટાવાળાને હોસ્પિટલમાં જ ઓબ્ઝર્વેશન હેઠળ કોરોન્ટાઇન કરવાની ફરજ પડી હતી.

પટાવાળાની ફરજ બજાવતા ઉક્કડભાઇ મંગુભાઇ વસાવા (ઉ. વ. ૫૨, રહે. સટાફ કવાર્ટસ)નો રિપોર્ટ પીઝિટિવ આવતા તેના સંપર્કમાં આવેલા ડોકટરો તેમજ દર્દીઓ પણ હાલ તો તણાવમાં આવી ગયા છે. આ અંગે હોસ્પિટલ ના ડોકટર ગુપ્તા નો ટેલિફોનિક સંપર્ક સાધતા તેમણે હોસ્પિટલના પટાવાળાને કોરોના પોઝિટિવ આવ્યો હોવાની વાતનો સ્વીકાર કરી વધુમાં જણાવ્યુ હતુ કે ઉક્કડભાઇ ને દવાખાનામાં કોરોન્ટાઇન કરીને ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે. અન્ય કોઇને કોરોન્ટાઇન કરવામાં નથી. જો કે કોરોનાગ્રસ્ત કર્મચારી અન્ય કેટલા સ્ટાફ સાથે સંપર્કમાં આવ્યો હશે તે બાબતે આરોગ્ય તંત્ર આ બાબતે ગંભીરતા દાખવી કડક કામગીરી હાથ ધરે તેવી માંગ પંથકના જાગૃત નગરિકોમાંથી બુલંદ થવા પામી છે. હાલતો હોસ્પિટલના કેટલા કર્મીઓને સંક્રમણ લાગ્યુ હશે તે બાબતે તપાસ જરૂરી બની છે.

ઝઘડિયા તાલુકાના કોરોના સંક્રમણ અટકાવવા બજારો અઠવાડિયામાં ત્રણ દિવસ બંધ?

ઝઘડિયા, રાજપારડી અને ઉમલ્લાના બજારો શનિવાર, રવિવાર અને સોમવારના દિવસે ફરજિયાત બંધ રાખવા ટીડીઓનો અનુરોધ

રાજપારડી, તા. ૨૨

ભરુચ જિલ્લામાં કોરોના સંક્રમણ વધી રહ્યુ છે તેમા ઝઘડિયા તાલુકાનો પણ સમાવેશ થાય છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારો પણ કોરોનાની લપેટમાં આવતા જાય છે. તાલુકામાં દિવસે દવસે કોરોના પોઝિટિવ કેસમાં વધારો થઇ રહ્યો છે. અનલોક દરમ્યાન વધુ છૂટછાટ મળી હોવાથી લોકલ સંક્રમણ વધી રહ્યું છે. જેના કારણે કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાઇ રહ્યો છે.

ઝઘડિયા તાલુકામાં વધતા જતા કોરોના સંક્રમણને કાબુમાં લેવા માટે ઝઘડીયા તાલુકા વિકાસ અધિકારી દ્વારા તાલુકાની ગ્રામ પંચાયતોમાં પત્ર લખવામાં આવ્યો છે જેમાં લોકલ સંક્રમણ અટકાવવા માટે તાલુકાના મોટા ગામો જેવા કે ઝઘડિયા, રાજપારડી અને ઉમલ્લાના બજારો અઠવાડિયાના ત્રણ દિવસ શનિવાર રવિવાર અને સોમવારના દિવસે ફરજિયાત બંધ રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે. તાલુકાના મોટા ગામોએ ગ્રામ્ય વિસ્તારના લોકો કામકાજ માટે તેમજ ખરીદી માટે આવતા હોય છે. તેથી લોકલ સંક્રમણને વધતુ અટકાવવા આ નિર્ણય જરુરી હોવાનું મનાય છે. સાથે સાથે યલો ઝોન અને રેડ ઝોનમાં સો ટકા લોકોનું મેડીકલ ચેક અપ કરવું, દર બે દિવસે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવુ સોશિયલ ડિસ્ટન્સના ફરજીયાત અમલ માટે પણ ભાર મૂકવામાં આવ્યો છે. ઉપરાંત સુપર સ્પ્રેડરો જેવા કે અનાજ કરિયાણા, શાકભાજી, ચા નાસ્તાની દુકાન, લારી-ગલ્લા ધરાવતા વેપારીઓના હેલ્થ કાર્ડ રાખી સ્ક્રીનિંગ કરી મેડિકલ ચેકઅપ માટે પણ જણાવવામાં આવ્યું છે.

ઝઘડિયા જીઆઇડીસીમાં કોરોના ગાઇડલાઇનનો ભંગ કરતી ત્રણ કંપનીઓને નોટિસ પાઠવાઈ

આકસ્મિક તપાસણીમાં સોશિયલ ડિસ્ટન્સનો અભાવ જણાતા બ્રિટાનિયા ઇન્ડસ્ટ્રીઝ લિ., નાઇટ્રેક્ષ ઇન્ડિયા પ્રા. લિ. તથા એગ્રો ફૂડ્સ લિ.ને કારણ દર્શક નોટિસ

ધબકાબર પ્રતિનિધિ, રાજપારડી, તા. ૨૨

કોરોના વાયરસના વધી રહેલા સંક્રમણને નિયંત્રણમાં રાખવા જરૂરી નિયમોને લગતી ગાઇડલાઇન સરકાર દ્વારા જાહેર કરવામાં આવતા સહુએ એનું પાલન કરવાનું હોય છે. માર્ચ મહિના દરમિયાન દેશભરમાં કોરોનાના સંક્રમણને ડામવા જનતા કરફ્યુ અને ત્યારબાદ લોકડાઉન અમલમાં લવાયા. ત્યારબાદ ઉદ્યોગોને કોવિડ-૧૯ ની ખાસ ગાઇડલાઇન મુજબ ઉત્પાદન કરવા માટે મંજૂરી આપવામાં આવી હતી. ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં આવેલી જીઆઇડીસીના ૮૦ ઉપરાંત ઔદ્યોગિક એકમોને પણ ગાઇડલાઇન હેઠળ ચાલુ કરવાની છુટ આપવામાં આવી હતી. માર્ચ મહિનાથી અત્યાર સુધી કેટલાક કંપની સંચાલકો દ્વારા ગાઇડ લાઇનનુ ઉલ્લંઘન કરવામાં આવતું હોવાની વ્યાપક ચર્ચાઓ ઉઠવા છતાં કોઇ અસરકારક પગલાં ભરવામાં આવ્યા નથી. ગયા રવિવારે ઝઘડિયાના પ્રાંત અધિકારી પ્રણવ વિઠાણી, ઇન્ડસ્ટ્રીઅલ સેફટી અને હેલ્થ વિભાગના અધિકારી તથા ઝઘડિયાના પોલીસ અધિકારી દ્વારા ઝઘડિયા જીઆઇડીસીમાં આવેલ કંપનીઓમાં કોવિડ-૧૯ની ગાઇડલાઇનની આકસ્થિક તપાસ કરવામાં આવી હતી.ત્યારે મળતી વિગતો અનુસાર કોવિડ-૧૯ ની ગાઇડલાઇનના અમલ બાબતે અધિકારીઓએ

આકસ્મિક તપાસણી કરતા સોશિયલ ડિસ્ટન્સનો અભાવ જણાતા ઝઘડિયાની બ્રિટાનિયા ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ, નાઇટ્રેક્ષ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ તથા એગ્રો ફૂડ્સ લિમિટેડ નામની ૩ કંપનીઓને કારણ દર્શક નોટિસ પાઠવી તેમની પાસે લેખિતમાં ખુલાસો માંગવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યુ છે. કેટલીક કંપનીઓ દ્વારા ઝઘડીયા વાલીયા અંકલેશ્વર ભરૂચ ખાતે તેમના એમ્પ્લોયને લાવવા લઇ જવા માટે વપરાતા પેસેન્જર વાહનોમાં પણ સોશિયલ ડિસ્ટન્સનો અભાવ તેમજ કંપનીઓ બહાર કામદારોના ટોળેટોળા ઊભા રહેવા તથા કંપનીના પ્લાન્ટમાં પણ એકસાથે સેંકડો કામદારો દ્વારા કામ કરવું જેવા અનેક નિયમોનો ભંગ ઝઘડિયા જીઆઇડીસીની કેટલાક કંપની સંચાલકો દ્વારા કરવામાં આવતો હોવાની ચર્ચાઓ ઉઠી હતી.

નર્મદા જિલ્લામાં કોરોનાના વધતા સંક્રમણ સામે લોકોની ઘોર બેદરકારી

જુલાઈ મહિનાના ૨૦ દિવસમાં જ માસ્ક વિના ફરતા ૩૪૬૧ વ્યક્તિઓને ૬.૯૨ લાખનો દંડ કરાયો : જાહેરનામા ભંગના ૧૫૨ ગુના

રાજપીપળા, તા. ૨૨

નર્મદા જિલ્લામા માસ્ક વગર ફરતા અને સોશિયલ ડિસ્ટન્સ ન જાળવતા લોકો સામે નર્મદા પોલીસે ન લાખો રૂપિયાનો દંડ વસૂલ કર્યો છે છતા નર્મદા જિલ્લામાં કોરોના સૌથી વધુ કેસો વધી રહ્યા છે જે ચિંતાનો વિષય છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર જુલાઈ મહિનાના ૨૦ દિવસમાં જ માસ્ક વિના ફરતા કુલ ૩૪૬૧ વ્યક્તિઓ પાસેથી રૂા. ૬,૯૨,૨૦૦નો દંડ વસુલ કર્યો છે અને જાહેરનામાના ભંગના કુલ ૧૫૨ લોકો વિરુદ્ધ ૧૮૮ મુજબનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરી છે પોલીસ કહે છે, ‘શું કરીએ યે પબ્લિક હૈ કી માનતી નહી!’

રાજપીપળા બન્યુ કોરોના એપી સેન્ટર

નર્મદા જિલ્લામાં આજે કોરોના વાયરસ કોવિડ-૧૯ નોવઘુ ૩ પોઝિટિવ કેસ આવતા ચકચાર મચી જવા પામી છે. આ સાથે રેપિડ એન્ટિજેન ટેસ્ટમાં પણ ૧૧ કેસ પોઝિટિવ આવતા આજે કૂલ ૧૫ કેસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ સાથે જિલ્લામાં કૂલ મળીને પોઝિટિવ કેસની સંખ્યા ૨૩૨ પર પહોંચી છે. બીજી તરફ આજે કોવીડ કેર સેન્ટરમાંથી ૧૬ લોકો સાજા થતા રજા અપાઇ હતી. જિલ્લામાં આજની સ્થિતિએ હવે કુલ કોવિડ-૧૯ હોસ્પિટલમાંથી ૫૯ દરદીઓ અને કોવિડ કેરમા ૪૪ મળીને ૧૦૩ દર્દીઓ સારવાર હેઠળ છે.

હાલ નર્મદા જિલ્લામાં કોરોનાના કેસ વધી રહયા છે ત્યારે જાહેરનામા સહિત સરકારની ગાઇડ લાઇન મુજબ માસ્ક સોસીયલ ડિસ્ટનસ સહિતના નિયમો લાગુ હોવા છતાં લોકો જાણે કોઇજ પરવાહ કર્યા વિનાકાયદાનો ભંગ કરી ને બિન્ધાસ્ત ફરી રહ્યા છે. ત્યારે નર્મદા પોલીસ વડા હિમકરસિંહની કડક સૂચના મુજબ જિલ્લાના દરેક પોલીસ મથકોમાં આ બાબતે કાયદાની કડક અમલ શરૂ કર્યો છે. જો આમ જનતા પોતે જાગૃત નહી બને અને જાહેરનામા ના નિયમો નુ કડક પાલન નહી કરે તો નર્મદા જિલ્લો કોરોના હોટસ્પોટ નહી બને તો નવાઇ નહી!

નર્મદા જિલ્લા પંચાયત અને પાંચ તાલુકા પંચાયતની ચૂંટણીના પડઘમથી રાજકારણમાં ગરમાવો

રાજપીપળા, તા. ૨૨

નર્મદા જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીના પડઘમ વાગવા શરૂ થયા છે જેને કારણે જિલ્લાના રાજકારણમાં રાજકીય ગરમાવો આવી ગયો છે. હાલ વિકાસ કમિશનર તરફથી આ સંબંધમાં ગેઝેટમાં બેઠકો અંગે જાહેરાત કરાઇ છે. જેના અનુસંધાને નર્મદા જિલ્લા વિકાસ અધિકારીને ચૂંટણી માટે તૈયાર રહેવા જાણ કરાઇ છે. ચૂંટણીનું જાહેરનામુ ગમે ત્યારે બહાર પડે તેવા ભણકારા વાગી રહ્યાં છે.

નર્મદા જિલ્લા પંચાયતની તમામ ૨૨ બેઠક આરક્ષિત જાહેર કરાઇ છે. સામાન્ય કેટેગરીનીએકપણ બેઠક રખાઇ નહી હોવાથી અનેક અટકળ બાજી થઇ રહી છે. જિલ્લા પંચાયતની ૨૨ બેઠક પૈકી ૧૯ આદિવાસી, એક દલિતવર્ગની અને બે બક્ષીપંચનીબેઠકજાહેર કરાઇ છે. જિલ્લાપંચાયતમાં હાલ કોંગ્રેસ અને બીટીપી ગઠબંધનનું શાસન છે. અને બાકીના તમામ વિપક્ષમાં છે. જ્યારે ડેડીયાપાડા તાલુકાપંચાયતની કૂલ ૨૨, ગરુડેશ્વર તાલુકાપંચાયતની કૂલ ૧૬, નાંદોદ તાલુકા પંચાયતની કૂલ ૧૮, સાગબારા તાલુકાપંચાયતની કૂલ ૧૮,અને તિલકવાડા તાલુકા પંચાયતની કૂલ ૧૬ બેઠકો મળી પાંચ તાલુકા પંચાયતની કૂલ ૯૦ બેઠકો માટે ચુટણી યોજવાનો તખ્તો તૈયાર થયો છે. જેમા અનામતની ૫, એસટી અનામતની ૭૨, બક્ષીપંચની ૭ અને સામાન્ય બેઠક ૬નો સમાવેશ કરાયો છે જ્યારે મહિલા અનામત બેઠક મા એસટી મહિલા અનામત ૩૭, બક્ષીપંચ ૫અને સમાન્ય મહિલાની ૩ બેઠકો મહિલા માટે અનામત રાખવામા આવી છે.

આગામી ચુટણીઓમા ભાજપ સત્તા વિમુખ હોવાથી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠકો કબજે કરવા એડીચોટીનુ જોર લગાવશે જ્યારે સત્તામા રહેલા બીટીપી અને કોંગ્રેસ વચ્ચે રાજ્યસભાની ચુટણી વખતે બીટીપીના બે ધારાસભાએ મતદાન ન કરી કોંગ્રેસની એક સીટ ગુમાવતા બીટીપી અને કોંગ્રેસ વચ્ચે ભંગાણ થવાની શક્યતા નકારી શકાતી નથી. જ્યારે આ વખતે નર્મદામા સક્રિય બનેલ આમ આદમી પાર્ટી પણ ચુટણીમા ઝંપલાવે તો આગામી દિવસો મા જિલ્લા અને તાલુકાપંચાયતનીચુટણીઓ મા નવા રાજકીય સમીકરણો રચાય તો નવાઇ નહી.

જિલ્લા પંચાયતની તમામ ૨૨ બેઠક આરક્ષિત જાહેર કરાઇ : ચૂંટણીનું જાહેરનામુ ગમે ત્યારે બહાર પડે તેવા ભણકારા વચ્ચે રાજકીય ધમધમાટ શરૂ

આખરે નેત્રંગ પોલીસ સ્ટેશન અને પોલીસ આવાસનું આજે ઈ-લોકાર્પણ કરાશે

ગૃહ રાજ્યમંત્રી તથા જિલ્લા પ્રભારી પ્રદિપસિંહ જાડેજા ગાંધીનગરથી ઈ-લોકાર્પણ કરશે

અંક્લેશ્વર, તા. ૨૨

નેત્રંગ તાલુકો વાલીયા અને ઝઘડીયા તાલુકામાંથી બન્યા બાદ આજદિન સુધી પોલીસ પોતાની કચેરી માટે અલગ વ્યવસ્થા માટે તરસી રહ્યુ છે. નેત્રંગ પોલીસ સ્ટેશન અને આવાસીય મકાન બનીને તૈયાર છે અને લોકાર્પણની રાહ જોઇને ઉભા હતો. જો કે કોરોનાના ગ્રહણ વચ્ચે લોકાર્પણમાં વિલંબ થઇ રહ્યો હતો જે આખરે દુર થયો છે.

વાલીયા-ઝઘડીયા તાલુકામાંથી અલગ નેત્રંગ તાલુકો બન્યા બાદ તાત્કાલિક ધોરણે નેત્રંગ પોલીસ સ્ટેશન બદલવા ડેમની જુની જર્જરીત ઓફિસમાં કાર્યરત કરાયું હતું, જેમાં દર વર્ષે ચોમાસાની સિઝનમાં વરસાદી પાણી પોલીસ સ્ટેશનમાં ટપકતા પાણીથી કમ્પ્યુટર, વાયરલેસ, જરૂરી ફાઇલો, હથિયારો ભારે નુકસાન પહોંચતું હતું તેમજ ગુનેગારને લોકઅપમાં મુકવા સહિત પોલીસ કર્મીઓને ફરજ દરમ્યાન હાડમારીનો સામનો કરવો પડતા આખા પોલીસ સ્ટેશનને વરસાદી પાણીથી બચાવવા તાડપત્રીથી ઢાંકવું પડતું હતું.

આ તમામ બાબતે મુખ્યમંત્રી, ગૃહમંત્રી અને જીલ્લા પોલીસ વડાને વારંવાર રજુઆત બાદ નવા પોલાસ સ્ટેશનના મકાન અને કવાટ્ર્સનું કરોડો રૂપિયાના ખર્ચે બાંધકામ કરવામાં આવ્યું છે. અત્યાઆધુનિક પોલાસ સ્ટેશનના મકાન અને કવાટ્ર્સ બન્યાને સાત માસ જેટલો લાંબો સમયગાળો પસાર થઇ ચુક્યો છે. પરંતુ વૈશ્વિક મહામારી કોરોના વાયરસના કારણે નવા પોલીસ સ્ટેશનના મકાન અને કવાટ્ર્સ ના ઉદઘાટનમાં વિલંબ થયાનું સુત્રો પાસેથી જાણવા મળી રહ્યું હતું. આજે નેત્રંગ પોલીસ વિભાગ માટે ખુશીના સમાચાર આવ્યા છે. અને આખરે નેત્રંગ પોલીસ સ્ટેશન અને આવાસના લોકાર્પણની આતુરતાનો અંત આવતા આવતીકાલે તા. ૨૩ના રોજ ગૃહ રાજ્યમંત્રી તથા જિલ્લા પ્રભારી પ્રદિપસિંહ જાડેજા નવનિર્મિત નેત્રંગ પોલીસ સ્ટેશનના નવા મકાન, નેત્રંગ પોલીસ લાઇન ખાતે કર્મચારીઓના રહેઠાણ, તથા પોલીસ સબ ઇન્સ્પેક્ટર ક્વાર્ટર તથા ભરૂચ પોલીસ હેડક્વાર્ટર ખાતે પોલીસ કર્મચારીના આવાસનુ ઇ-લોકાર્પણ ગાંધીનગર ખાતેથી ભરૂચ જિલ્લાના સાંસદ મનસુખભાઇ વસાવા, ભરૂચના ધારાસભ્ય દુષ્યંતભાઇ પટેલ તથા વાગરાના ધારાસભ્ય અરુણસિંહ રણાની વિશેષ ઉપસ્થિતિમાં ૧૦:૩૦ વાગે કરવામાં આવનાર છે. આવતીકાલે થનાર લોકાર્પણ વિધીના સમાચારથી નેત્રંગ પોલીસ કર્મીઓમાં આનંદની લાગણી જોવા મળી હતી.

અંકલેશ્વરની રાજપીપળા ચોકડી ખાતે રોટરી સ્વમ્માન સ્ટોરનું લોકાર્પણ

વાત્સલ્યધામ-મઢી,તા.૨૨

જરૂરિયાતમંદોને સ્વમાન સાથે મદદરૂપ થવાના હેતુસર અંકલેશ્વર ખાતે રાજપીપળા ચોકડી, લાલાનગર ખાતે રોટરી સ્વમ્માન સ્ટોર્સનું રોટરી ૩૦૬૦ ડિસ્ટ્રીક્ટના ગવર્નર પ્રશાંત જાનીના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રોટરી પ્રેસિડન્ટ રાજેશ નાહરા, સેક્રેટરી અશ્વિન, મારકણા, પ્રોજેક્ટ ચેરમેન અને પુરસ્કર્તા ધર્મેન્દ્ર શાહ, મનીશ શ્રોફ, ઈશ્વર સજ્જન, અતિત કાપડિયા અને ઘનશ્યામ ગજેરા સહિત રોટેરિયનો ઉપસ્થિત રહ્યા હતા.

અંકલેશ્વર નજીક મહુવા ભાજપ પ્રમુખની કારને અકસ્માત નડ્યો, કોઈ જાનહાનિ નહિ

અંકલેશ્વર, તા. ૨૨

મહુવા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ ને અંક્લેશ્વર નેશનલ હાઇવે નં. ૪૮ પર આવેલ નવજીવન હોટ્લ નજીક અકસ્માત નડયો હતો. નંબર પ્લેટ વગરની કારમાં ભાજપનું બોર્ડ જોઇ લોકોએ વિડિયો બનાવી સોશિયલ મીડિયામાં વાઇરલ કર્યો હતો.

અંક્લેશ્વર પાસેથી પસાર થતાં નેશનલ હાઇવે નં. ૪૮ પર આવેલ હોટલ નવજીવન પાસે મહુવા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખની નવી નક્કોર અને નંબર પ્લેટ વગરની એમજી હેક્ટર કારને લઇ ને પસાર થઇ રહ્યા હતાં તે સમયે વળાંક પર આઇસર ટેમ્પો નં જીજે૧૬ વી ૩૩૮૩ સાથે કાર ભટકાઇ જતાં કાર ને ભારે નુકશાન પહોંચ્યુ છે. અકસ્માતના પગલે ઘટના સ્થળે લોકો ટોળે વળ્યા હતા અને નવી નંબર પ્લેટ વગર ની અને આગળ બીજેપી પ્રેસીડન્ટ, મહુવા નું બોર્ડ જોતા હાજર લોકોએ મોબાઇલમાં વિડિયો બનાવી સોશિયલ મીડિયા પર વાઇરલ કર્યો હતો.

અંકલેશ્વરના કોરોનાગ્રસ્ત વેપારીનું વડોદરા ખાતે સારવાર દરમિયાન મોત

અંકલેશ્વર, તા. ૨૨

અંકલેશ્વર માં કોરોના કહેરે આજે વધુ એક મોત થતા અંકલેશ્વર માં ઘેરા શોક ની લાગણી ફેલાઇ હતી.

અંકલેશ્વર ના વેપારી દિલિપ ભાઇ રણછોડદાસ અનીતાવાલા ને ગત અઠવાડિયે કોરોના પોઝિટીવ રીર્પોટ આવતા સારવાર માટે વડોદરા ની એસ એસજી હોસ્પિટલમાં દાખલ કરેલા હતા જ્યાં આજે મોડી સાંજે સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું અત્રે ઉલ્લેખનીય છે કે દિલિપ ભાઇ ના પરીવાર માં આ પહેલા તેમના પિત્રાઇ ભાભી અને ભાઇ કોરોના ની બલી ચઢયા છે અને આજે દિલિપ ભાઇ નુ અવસાન થતા પરીવાર તથા વેપારી આલમ માં ઘેરા શોક ની લાગણી ફેલાઇ હતી.

તાજેતરના સર્વે અનુસાર શાકાહારી અને બિન શાકાહારીઓમાં બદામ પસંદગીનો ખોરાક

ભારત ૨૧ જુલાઇ, ૨૦૨૦:આજની ઝડપી દુનિયામાં, નાસ્તો ઘણા ભારતીયોના દૈનિક આહાર અને રૂટીનનો એક અભિન્ન ભાગ બની ગયો છે. ખાસ કરીને વર્તમાન સંદર્ભમાં એ સાચું છે, કારણ કે દેશના ઘણા ભાગોમાં લોકો સામાજિક અંતરની પ્રેક્ટિસ કરી રહ્યા છે. પરિવારના સભ્યો ઘરેથી કામ કરતા હોવાથી, બાળકો અને શાળાઓ અને કોલેજોમાં અભ્યાસ કરતા યુવાનોને સહજ રીતે જ તક મળે છે અને નાસ્તા પ્રત્યેનું વલણ પણ વધારે હોય છે. જ્યારે નાસ્તાના વિચારમાં વિવિધ પ્રકારના આહારનો સમાવેશ થાય છે, ત્યારે તે નોંધવું રસપ્રદ છે કે પાછલા કેટલાક વર્ષોથી, લોકોની પસંદગીઓ અને ટેવોમાં સભાનતાપૂર્વકનું પરિવર્તન આવ્યું છે, અને તંદુરસ્ત નાસ્તાની ચીજો તરફ વધુ મજબૂત ઝુકાવ જોવા મળે છે.

રિસર્ચ કન્સટિંટગ ફર્મ આઇપીએસઓએસ દ્વારા ૩ થી ૨૪ માર્ચની વચ્ચે કરાયેલા તાજેતરના સર્વે અનુસાર, ભાગ લેનારામાંથી ૯૧% લોકો નાસ્તો કરતી વખતે તંદુરસ્ત વિકલ્પોની પસંદગી કરે છે. સર્વેના પરિણામો એ બાબત પર ભાર મકે છે કે ભારતીય વપરાશકારોની પસંદગી અર્થપૂર્ણ અન તંદુરસ્ત નાસ્તાર તરફ વળી છે.

આઇપીએસઓએસ દ્વારા પ્રમાણભૂત સર્વેક્ષણમાં લોકોની ટેવ અને આહાર પસંદગીઓને ‘શાકાહારી અને માંસાહારી’ બે વર્ગોમાં વહેંચવામાં આવી છે. એકંદરે, પરિણામો સૂચવે છે કે બંને કેટેગરીના સહભાગીઓ બદામ અને ફળો જેવી તંદુરસ્ત અને પૌષ્ટિક આહાર વસ્તુઓ પર નાસ્તા કરવાનું પસંદ કરે છે. હકીકતમાં, ૭૨% સહભાગીઓએ જણાવ્યું હતું કે તેઓ નિયમિત વપરાશના સ્વાસ્થ્ય લાભોને લીધે મુખ્યત્વે બદામ (નિયમિત/ઘણીવાર/ક્યારેક) ખાતા હતા; બદામનો વપરાશ સૌથી વધુ દિલ્હી (૯૩%), મુંબઇ (૮૨%) અને ચેન્નાઇ (%%%)માં થયો હતો.

દિલ્હી, મુંબઇ, બેંગ્લોર, ચેન્નાઇ, ભોપાલ, ચંદીગઢ, જયપુર, કોઇમ્બતુર, કોલકાતા, હૈદરાબાદ અને અમદાવાદ જેવા ભારતના ૧૧ શહેરોમાં ૧૮-૫૦ વર્ષની વચ્ચેના કુલ ૪૦૬૪ ૧૮ SEC A પુરુષો અને મહિલાઓની મુલાકાત લેવામાં આવી હતી.

બ્રિહતિ ફાઉન્ડેશને ગુજરાતના સ્ટાર્ટ-અપ્સ અને એમએસએમઈને મદદ કરવા ઈન્ક કોવિડ-૧૯ ચેલેન્જની જાહેરાત કરી

અમદાવાદ, ૧૩ જુલાઇ, ૨૦૨૦: નોવલ કોરોના વાઇરસની અસરો સતત વધી રહી છે. વૈશ્વિક મહામારીને નિયંત્રણમાં લેવા તથા નુકશાન ઘટાડવા માટે દેશ સંખ્યાબંધ પગલાં ભરી રહ્યો છે, પરંતુ અર્થતંત્રમાં વ્યાપક અનિશ્ચિતતાઓને પરિણામે સ્ટાર્ટ-અપ્સ, એમએસએમઇ અને યુવા ઉદ્યોગસાહસિકો સ્થિરતા હાંસલ કરવા ઝઝૂમી રહ્યાં છે.

દેશભરમાં લાંબા સમય સુધી લોકડાઉનને કારણે આર્થિક પ્રવૃતિઓ અટકી ગઇ છે તેવી સ્થિતિમાં આ સાહસોનું અસ્તિત્વ નિર્ણાયક બન્યું છે. આ સમસ્યાનો ઉકેલ માટે બ્રિહતિ ફાઉન્ડેશને TiE Ahmedabad અને AICGUSEC સાથે મળીને ઇન્ક કોવિડ-૧૯ ચેલેન્જ નામની પહેલ કરી છે.

આ પહેલનો ઉદ્દેશ્ય ગુજરાત સ્થિત સ્ટાર્ટ-અપ્સ, એમએસએમઇ અને યુવા ઉદ્યોગ સાહસિકોને તેમના અસરકારક બિઝનેસ આઇડિયા અને વાસ્તવિક ઉકેલોને અમલમાં મૂકવામાં મદદરૂપ બનવાનો છે, જેથી સમુદાયમાં કોવિડ-૧૯ની અસરને ઘટાડી શકાય. એક સ્પર્ધા બાદ સ્ટાર્ટ-અપ્સ અને એમએસએમઇની પસંદગી કરાશે, જે અંતર્ગત પસંદ કરાયેલા સ્ટાર્ટ-અપ્સ અને એમએસએમઇ પ્રત્યેકને રૂ. ૫ લાખની નાણાકીય સહાય પ્રદાન કરાશે. વધુમાં પસંદ કરાયેલ સ્ટાર્ટ-અપ્સ અને એમએસએમઇ સાથે બિઝનેસની કામગીરી સંબંધિત આયોજન તથા અમલીકરણ વગેરે જેવી બાબતો અંગે પરામર્શ પણ કરાશે. આ પહેલના લાભાર્થીઓ માટે બ્રિહતિ ફાઉન્ડેશન ઇન્ક (આઇડિયા ટુ ઇન્કોર્પોરેશન) દ્વારા અસાધારણ ઇનોવેટિવ ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહિત કરીને પ્રારંભિક તબક્કામાં બિઝનેસના અમલીકરણની તક પ્રદાન કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.